સપ્ટેમ્બર ૨૦૧૦ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ

## આવું કેમ ?



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૩, અંક : ૧
સળંગ અંક : ૨૫
**સપ્ટેમ્બર ૨૦૧૦**

**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ:
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org

**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# અક્રમ એક્સપ્રેસ

## આવું કેમ ?

બાળમિત્રો,

દરેકના જીવનમાં સુખ અને દુઃખની ઘટમાળ ચાલ્યા જ કરતી હોય છે. તમે ક્યારેય વિચાર્યું છે કે આવું કેમ ? કેમ કાયમ સુખ નહીં ? ન ઈચ્છવા છતાં કેમ દુઃખ આવે છે ? હા, પુણ્ય કે પાપના ફળરૂપે સુખ કે દુઃખ આવે છે.

ગયા અંકમાં આપણે પાપ-પુણ્ય વિશે જાણ્યું. આને બીજા શબ્દમાં કહેવું હોય તો 'કર્મ' કહેવાય. જેવા કર્મ બાંધ્યા હોય, એને ભોગવવા એ પ્રમાણે ગતિમાં જવું પડે. આ અંકમાં આપણે ઊંડાણમાં ન જતાં 'કર્મ'ને ખૂબ સાદી રીતે સમજીએ.

પરમ પૂજ્ય દાદાશ્રીએ 'કર્મ'નું તો આખું વિજ્ઞાન ખુલ્લુ પાડ્યું છે. કર્મ એટલે શું? કેવી રીતે બંધાય? કેવા કર્મોના કેવા ફળ ભોગવવા પડે? કર્મમાંથી છૂટાય કેવી રીતે? વગેરેના અદ્ભુત ફોડ પરમ પૂજ્ય દાદાશ્રીએ આપ્યા છે. આ અંકમાં આપણે કર્મની સાદી વાતો સમજીશું.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા

| | |
|---|---|
| દાદાજી કહે છે........................................ | ૧ |
| આ તો નવી જ વાત !.................................. | ૨ |
| રાણી કલાવતી......................................... | ૪ |
| ભગવાન મહાવીર અને બ્રાહ્મણી દેવાનંદા........ | ૭ |
| ગોશાળો............................................... | ૧૦ |
| ન્યુજર્સી ગુરુપૂર્ણિમા.................................. | ૧૪ |
| મીઠી યાદેં............................................ | ૧૫ |
| તમારી જાતને ચકાસી જૂઓ !...................... | ૧૬ |
| મારી સમજણ......................................... | ૧૭ |



# દાદાજી કહે છે...

આપણને જે કંઈ પણ ભોગવવું પડે છે તે આપણા જ કરેલા કર્મનું ફળ છે. તેથી આપણી જ ભૂલ છે. બીજા કોઈનો દોષ છે જ નહીં. અત્યારે મને કોઈ દુઃખ આપે તો એ મારા જ કર્મના ફળ છે. જેમ આપણે લીમડો વાવીએ અને પછી એમાં આંબાની આશા રાખીએ તો ચાલે નહીં ને? જેવું વાવીએ એવું ફળ મળે. એમ જેવાં કર્મ કર્યા હોય એવું ફળ આપણે ભોગવવું પડે.

પ્રશ્નકર્તા : કર્મ કઈ રીતે બંધાય છે ?

દાદાશ્રી : કર્મ દેખાય એવું નથી. બહુ સૂક્ષ્મમાં થાય છે. માત્ર ભાવથી જ કર્મ બંધાય છે, ક્રિયામાં એવું હોય કે ના પણ હોય, પણ ભાવમાં જેવું હોય તેવું કર્મ બંધાય. દા.ત. બહાર આમ દાન આપતો હોય પણ અંદર થાય કે એક પૈસોય આપવા જેવો નથી, તો સારું કામ કરવા છતાં પાપકર્મ બંધાય છે. અને પૈસા ન હોવાથી દાન આપી શકતો નથી પણ અંદર થાય કે પૈસા હોત તો ચોક્કસ દાનમાં આપત, તો દાન ન આપવા છતાં પુણ્યકર્મ બંધાય છે. આવું છે. માટે ભાવને બગાડશો નહીં. બીજાને સુખ આપવાનો ભાવ કર્યો, એનાથી પુણ્યકર્મ બંધાય અને દુઃખ આપવાનો ભાવ કર્યો, એનાથી પાપકર્મ બંધાય.

પ્રશ્નકર્તા : પુણ્ય અને પાપ કર્મોના ફળ કેવા હોય?

દાદાશ્રી : પુણ્ય કર્મનું ફળ આવે ત્યારે આપણને મીઠાશ લાગે, શાંતિ લાગે, હૃદયને આનંદ આપે અને પાપ કર્મનું ફળ આવે ત્યારે આપણને ગમે નહીં એવું બધું થયા કરે, મહીં ચેન ન પડે, આકરું પડે.

પ્રશ્નકર્તા : આ ભવમાં કરેલા કર્મનું ફળ આ ભવમાં જ મળે કે પછી આવતા ભવમાં?

દાદાશ્રી : આવતા ભવમાં. અત્યારે તમે જે સુખ કે દુઃખ ભોગવી રહ્યા છો એ ગયા જન્મના તમારા કરેલા પુણ્ય કે પાપકર્મોનું ફળ છે.

હંમેશાં કોઈ પણ કાર્યનો પસ્તાવો કરો, એટલે એ કાર્યનું ફળ ઘણું ખરું નાશ જ થઈ જાય. એટલે ભાવ બગડી જાય ત્યારે મનમાં ભૂંસી નાખવું કે, 'હે દાદા ભગવાન, મારી ભૂલ થઈ. આવું ફરી નહીં કરું.' આમ માફી માંગવાથી બાંધેલું પાપકર્મ તરત ને તરત ભૂંસાઈ જાય.




બહાર આમ દાન આપતો હોય પણ અંદર થાય કે એક પૈસોય આપવા જેવો નથી, તો સારું કામ કરવા છતાં પાપકર્મ બંધાય છે. અને પૈસા ન હોવાથી દાન આપી શકતો નથી પણ અંદર થાય કે પૈસા હોત તો ચોક્કસ દાનમાં આપત, તો દાન ન આપવા છતાં પુણ્યકર્મ બંધાય છે. આવું છે. માટે ભાવને બગાડશો નહીં.



# આ તો નવી જ વાત!





ભેગા મળીને કરેલાં કર્મોનું ફળ ભેગા ભોગવવું પડે. દા.ત. એકલાએ ચોરી કરી તો એનું ફળ એકલાએ ભોગવવું પડે. અને દસ જણ સાથે ધાડ પાડવા ગયા તો એનું ફળ દસેય એ સાથે ભોગવવું પડે જેમ કે ગાડીના અકસ્માતમાં એ જ દસ હોય અને ઘાયલ થાય.



કર્મ બાંધવાનો અધિકાર ફક્ત મનુષ્યને જ છે. જાનવરો કે દેવો કર્મ બાંધી શકતા નથી.








કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ દેવાથી એનું ફળ આપણને જ આવે. દા.ત. કૂતરા-બિલાડીને દુઃખ દે, હેરાન કરે, મારી નાખે - પરિણામે આપણને માંદગી આવે.

પાપકર્મનું ફળ આવે એટલે કે જ્યારે દુઃખ આવે ત્યારે પ્રાર્થના કરવાથી થોડી શાંતિ મળે. દા.ત. માંદગીમાં વેદના વખતે પ્રાર્થના કરવાથી પીડાનો ભોગવટો ઓછો થઈ જાય.





# રાણી કલાવતી

ઉજ્જૈનના રાજા શંખરાજની રાણીનું નામ કલાવતી હતું. કોઈ શુભ પ્રસંગે મહેલમાં મોટો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. આ શુભ પ્રસંગે રાણીના ભાઈએ એને ઘરેણાંનો ડબ્બો ભેટ રૂપે મોકલાવ્યો. એમાં રત્નજડિત બંગડીઓ હતી, જે ખૂબ જ સુંદર હતી. રાણીના હાથમાં એ બંગડીઓની શોભા જ કંઈ ઓર હતી! આ જોઈને બીજી બધી રાણીઓને કલાવતી માટે ઈર્ષા થવા લાગી. તેથી એ બધી રાણીઓએ રાજાના કાન ભંભેર્યા. રાજાને પણ આશ્ચર્ય થયું કે મહારાણી પાસે આવી સુંદર બંગડીઓ આવી ક્યાંથી ! કંઈ પણ પૂછપરછ કર્યા વગર એમને કલાવતી માટે શંકા ઊભી થઈ કે નક્કી કોઈ વ્યક્તિ કલાવતીને ભેટ મોકલતો હશે.

કહેવાય છે ને કે ભય અને શંકાનું કોઈ સમાધાન હોતું નથી. રાજા વિચારે છે, 'એના કરતાં કલાવતીના કાંડા જ કાપી નાખવા, જેથી એ બંગડીઓ પહેરી જ ન શકે.' આ માટે તેઓ એક યુક્તિ ઘડે છે. રાણીને કહ્યું, ''થોડા દિવસ તમારા માતા-પિતાને ત્યાં જઈ આવો.'' માતા-પિતા પાસે જવાનું તો કોને ન ગમે ? રાણી તો તરત તૈયાર થઈ ગયા. રાજાએ રથ તૈયાર કરાવડાવ્યો. રાણી રથમાં બેઠા. સારથિની બાજુમાં રાજાએ એક કસાઈને બેસાડ્યો. માસૂમ રાણીને રાજાના

## "કળ વળતાં એણે જાતે જ પોતાનું એક હાથનું કાંડું કાપી નાખ્યું અને બીજા હાથનું કાંડું કસાઈને કાપી આપવા વિનંતી કરે છે. કસાઈ બંગડીઓ સહિત રાણીના બન્ને હાથના કાંડા લઈને રાજા પાસે ગયા"

કાવતરાની ગંધ પણ ન આવી.

રસ્તામાં કોઈ એકાંત જગ્યાએ કસાઈએ રથ થોભાવ્યો. કલાવતીને આશ્ચર્ય થયું કે આવી સૂમસામ જગ્યાએ રથ કેમ થોભાવ્યો? પૂછપરછ કરતાં કસાઈએ એમને હકીકત કહી. આ સાંભળીને કલાવતીના માથે તો જાણે આભ તૂટી પડ્યું. કળ વળતાં એણે જાતે જ પોતાનું એક હાથનું કાંડું કાપી નાખ્યું અને બીજા હાથનું કાંડું કસાઈને કાપી આપવા વિનંતી કરે છે. કસાઈ બંગડીઓ સહિત રાણીના બન્ને હાથના કાંડા લઈને રાજા પાસે ગયો. રાજા બંગડીઓ જોઈ તો એના પર રાણીના ભાઈનું નામ લખેલું હતું. આ





જોઈ રાજાને ખૂબ આઘાત લાગ્યો કે, મારાથી બહુ મોટું પાપ થઈ ગયું કે મેં એના ચારિત્ર પર શંકા કરી. ધિક્કાર છે મને કે નિર્દયતાથી મેં એના હાથ કપાવડાવ્યા!


આ બાજુ, કલાવતી ખૂબ રુદન કરતી હોય છે. પણ સતીઓના પ્રભાવ તો જૂઓ! થોડી જ ક્ષણોમાં ત્યાં અચાનક મોટું ઘટાદાર વૃક્ષોનું જંગલ ઊભું થઈ જાય છે, સૂકાયેલી નદીઓમાં પાણી વહેવા માંડે છે અને કલાવતીના બંગડીઓથી સજેલા હાથ પાછા આવી જાય છે. કલાવતી જંગલમાં જ પોતાનું જીવન પસાર કરવા લાગી.

એકવાર કલાવતીનો ભેટો એક જ્ઞાની સાધુ સાથે થાયો. એણે સાધુને પોતાની આપવીતી કહી પોતાની સાથે આવી ઘટના બન્યા પાછળનું રહસ્ય પૂછ્યું. સાધુ કલાવતીને એનો પૂર્વભવ કહી સંભળાવે છે કે,

“પૂર્વભવમાં એ એક રાજકુમારી હતી. તીર કામઠાંની શોખીન એ રાજકુમારીએ તીરથી એક ઊડતા પક્ષીની બેઉ પાંખો વીંધી નાખી. તે જે પક્ષી હતું તે આ ભવમાં રાજા શંખરાજ બન્યો અને રાજકુમારી એ રાણી કલાવતી થઈ. બન્ને પાંખો વીંધી નાખ્યાના ફળરૂપે રાજાએ આ ભવમાં એના બન્ને હાથ કાપી નંખાવડાવ્યા.”

પોતાનો પૂર્વભવ જાણી, પોતે કરેલા કર્મનું ફળ જાણીને રાણીને વૈરાગ્ય આવ્યો અને એણે દીક્ષા લઈ આધ્યાત્મિક માર્ગ અપનાવ્યો.





# ભગવાન મહાવીર અને બ્રાહ્મણી દેવાનંદા

એક વાર ઋષભદત્ત બ્રાહ્મણ એની પત્ની દેવાનંદા સાથે ભગવાન મહાવીરના દર્શન કરવા ગયા. ભગવાનને જોતાં જ દેવાનંદાના આનંદની કોઈ સીમા ન રહી. ભગવાન પ્રત્યે એમનો વાત્સલ્યભાવ ઉભરાવા લાગ્યો.

આ જોઈ ભગવાનના શિષ્ય ગૌતમસ્વામીને બહુ જ આશ્ચર્ય થયું. એમણે ભગવાનને પૂછ્યું, ‘‘પ્રભુ, આ બ્રાહ્મણી દેવાનંદા તમને જોઈને આટલા બધા આનંદિત કેમ થઈ ગયા ? એમની આંખો હર્ષના આંસુથી કેમ ભરાઈ ગઈ?’’ ભગવાન મહાવીરે જવાબ આપ્યો, ‘‘ગૌતમ, દેવાનંદા મારી માતા છે અને હું એમનો પુત્ર છું. એ જે લાગણી અનુભવતા’તા એ એમના પુત્ર પ્રત્યેનો વાત્સલ્યપ્રેમ હતો.’’

ગૌતમસ્વામી ભગવાનની વાત સાંભળી સ્તબ્ધ જ થઈ ગયા. ભગવાને ત્રિશલામાતાની જગ્યાએ દેવાનંદાનું નામ કેમ કહ્યું એ તેઓ વિચારવા લાગ્યા.


શું તમે આનું રહસ્ય જાણો છો? ચાલો જોઈએ.

મરીચિના ભવમાં એમણે પોતાના ઊંચા કુળ માટે તીવ્ર અભિમાન કર્યું હતું. એના ફળરૂપે એમનો તીર્થંકરરૂપે ક્ષત્રિય કુળમાં જન્મ થવાને બદલે બ્રાહ્મણ કુળમાં, દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં આવવું પડ્યું.

નિયમ મુજબ તીર્થંકરની માતાને ગર્ભ ધારણ કરતી વખતે ચૌદ મહાસ્વપ્નો આવે. દેવાનંદાએ પણ એ ચૌદ સ્વપ્નો જોયા. આ સ્વપ્નોના અર્થ મુજબ પોતાના ગર્ભમાં તીર્થંકરનો જીવ પધાર્યો છે એ જાણી દેવાનંદાની ખુશીનો પાર ન રહ્યો.

પરંતુ, એની ખુશી લાંબો સમય ન ટકી. ભગવાન મહાવીરનો જીવ ૮૨ દિવસનો હતો ત્યારે એક આશ્ચર્યકારક ઘટના બની. દેવાનંદાને એનો ગર્ભ કોઈ ચોરી ગયું હોય એવી લાગણી અનુભવી.

**“તીર્થંકર ભગવાનનો જન્મ હંમેશા ક્ષત્રિય કુળમાં જ થાય. એને બદલે ભગવાન મહાવીરનો જીવ દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં કેમ આવ્યો?”**





તીર્થંકર ભગવાનનો જન્મ હંમેશા ક્ષત્રિય કુળમાં જ થાય. એને બદલે ભગવાન મહાવીરનો જીવ દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યો હોવાથી દેવરાજ ઈન્દ્રનું આસન ડોલવા માંડ્યું. ઈન્દ્રને હકીકતની જાણ થતાં એમણે હિરણગમેશી દેવને બોલાવ્યા અને મહાવીર ભગવાનના જીવને દેવાનંદાના ગર્ભમાંથી ત્રિશલાના ગર્ભમાં પ્રસ્થાપિત કરવાનું કામ સોંપ્યું. આમ ૮૨ દિવસ દેવાનંદાના ગર્ભમાં રહ્યા બાદ મહાવીર ભગવાનનો જીવ ત્રિશલા માતાના ગર્ભમાં ગયો.

મિત્રો, તમને પ્રશ્ન થતો હશેને કે દેવાનંદાને એના કેવા કર્મનું ફળ મળ્યું હશે કે એને તીર્થંકર જેવો પુત્ર ગુમાવવો પડ્યો?

પૂર્વભવમાં દેવાનંદા અને ત્રિશલામાતા દેરાણી-જેઠાણી હતા. દેવાનંદાએ ઈર્ષાવશ થઈ ત્રિશલા માતાનો દાગીનાનો ડબ્બો ચોરી લીધો હતો. રત્નજડિત દાગીના ચોર્યાનું ફળ રત્ન જેવો ત્રિલોકને પ્રકાશનાર પુત્ર ખોવો પડ્યો.


જોયું મિત્રો, અભિમાન, ચોરી જેવા કર્મો કરવાનું ફળ કેવું આવે છે!



# ગોશાળો

મહાવીર ભગવાનના શિષ્ય ગોશાળાનું નામ તો બધાને ખબર જ હશે. ગોશાળો ગરીબ કુળનો હતો. એ સ્વભાવથી જ ઝઘડાખોર હતો. એક વખત માતા-પિતા સાથે ઝઘડો કરી એ ઘર છોડી ચાલ્યો ગયો. ફરતો ફરતો એ ભગવાન મહાવીર જ્યાં પધાર્યા હતા ત્યાં આવી પહોંચ્યો. પ્રભુની મહત્તા જોઈને એને થયું કે જો હું આમનો શિષ્ય બની જાઉં તો મારે ખાવા-પીવાની કાયમની ચિંતા મટી જાય. ઊલટું, રોજ સ્વાદિષ્ટ ભોજન જમવા મળે.


આમ વિચારી એણે પ્રભુને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવાની વિનંતી કરી. પ્રભુ મૌન રહ્યા. પ્રભુના મૌનને સંમતિ માની એ પ્રભુ સાથે એમના શિષ્ય તરીકે ફરવા લાગ્યો. ઝઘડાખોર હોવાથી એ જ્યાં જતો ત્યાં કોઈ ને કોઈ ધમાલ કરતો. એણે પ્રભુ સાથે રહી, પ્રભુને જૂઠા




પાડવા, પ્રભુની મહત્તા ઓછી કરવા કેટલીય વાર પ્રયત્નો કર્યા, છતાં પ્રભુએ તો દર વખતે એના પર કરુણા જ વરસાવી.

એક વાર ગોશાળાના દુર્વ્યવહારથી ગુસ્સે થઈને એક તાપસે એને બાળવા માટે તેજોલેશ્યા મૂકી. તેજોલેશ્યા એટલે શરીરમાંથી અગ્નિ કાઢી જેના પર ફેંકે એ બળીને મરી જાય. કરુણાના સાગર એવા પ્રભુએ તરત જ સામે શીતળલેશ્યા

"એણે પ્રભુને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવાની વિનંતી કરી. પ્રભુ મૌન રહ્યા. પ્રભુના મૌનને સંમતિ માની એ પ્રભુ સાથે એમના શિષ્ય તરીકે ફરવા લાગ્યા"






મૂકીને એને ઠાર્યો અને બચાવી લીધો. તેજોલેશ્યાનો પ્રભાવ જોઈ એણે એ વિદ્યા શીખવાનું નક્કી કર્યું. પ્રભુને વિનંતી કરી એણે એમની પાસેથી તેજોલેશ્યા પ્રાપ્ત કરવાની વિધિ પૂછીને તે વિદ્યા પ્રાપ્ત કરી.

ભગવાન પાસેથી વિદ્યા પ્રાપ્ત કરીને એ પોતાની જાતને ભગવાન જ માનવા લાગ્યો. ભગવાનથી છૂટા પડી એણે પોતાનો અલગ સંપ્રદાય બનાવ્યો. પોતાના શિષ્યોને એ પોતે જ ભગવાન છે! મહાવીર, ભગવાન નથી એવું કહેતો. ધીમે ધીમે એ ખુલ્લેઆમ બધાને કહેવા લાગ્યો કે ભગવાન પોતે છે, મહાવીર નહીં.

એક વાર એણે પ્રભુ મહાવીરના સમવસરણમાં આવી પ્રભુનો ઘણી રીતે અનાદર કર્યો. પ્રભુ માટે હલકાં વચનો સાંભળી એમના શિષ્યોએ ગોશાળાનો વિરોધ કર્યો. ગોશાળાને ક્રોધ ચડ્યો અને તેણે એ બન્ને મુનિઓને તેજોલેશ્યા વડે બાળી નાખ્યા. છેવટે પ્રભુ મહાવીરને બાળવા માટે પ્રભુ પર પણ તેજોલેશ્યા મૂકી. પણ તે અગ્નિએ પ્રભુને બાળ્યા



વિના પાછા ફરીને ગોશાળાના શરીરમાં જ પ્રવેશ કર્યો. તેજોલેશ્યાએ ભલે પ્રભુને બાળ્યા નહીં પણ એમને છ મહિના સુધી લોહીના ઝાડા રહ્યા. તેજોલેશ્યાના પ્રભાવથી ગોશાળાના શરીરમાં સતત બળતરા ચાલુ થઈ ગઈ.

એણે અત્યાર સુધી ભગવાન સાથે કરેલા બધા જ દુર્વ્યવહાર માટે ખૂબ પસ્તાવો થવા લાગ્યો. પોતાના પાપનો પશ્ચાતાપ કરી, પોતાની ભૂલોને કબૂલ કરી, જાતે પોતાનાં પાપોને પોતાના ભક્તો પાસે ખુલ્લા કર્યા. આમ, હૃદયપૂર્વકના ખૂબ પસ્તાવા સાથે એ સાતમા દિવસે મૃત્યુ પામ્યો. અંત સમયની શુભ પરિણતી (અંદરના ભાવ) ના પરિણામે એ મૃત્યુ પામીને દેવલોકમાં દેવ બન્યો.

જોયું મિત્રો, ગમે એવું પાપ થઈ ગયું હોય પણ સાચા હૃદયથી જો એનું પ્રાયશ્ચિત કરવામાં આવે તો એ પાપ ધોવાઈ જાય છે અને પુણ્ય બંધાય છે.



# ન્યુજર્સી ગુરુપૂર્ણિમા

## કીડ્સ સેક્શન હાઈલાઈટ્સ

### ન્યુજર્સીમાં ઉજવાયેલ ગુરુપૂર્ણિમા દરમ્યાન યોજેલ બાળકો માટેના પ્રદર્શનની એક ઝલક



પૂજ્યશ્રી દ્વારા પ્રદર્શન ખંડનું ઉદ્‌ઘાટન




'કર્મનું વિજ્ઞાન' થીમના જુદા જુદા ઉદાહરણો




મન-વચન-કાયાથી કોઈને દુઃખ ન આપવું દર્શાવતી સ્લાઈડ્સ










ટી.વી.ની અસરો અને ચિત્તની એકાગ્રતા શક્તિ

પપેટ શો








કલ્ચરલ શો















# મીઠી યાદેં

૧૯૯૨ની સાલની વાત છે. મોરબીમાં શિબિર હતી. નીરુમાનો સત્સંગ ચાલુ હતો. એક ભાઈ ઊભા થઈને કહે, "નીરુમા, હું દિવસની ૮૦ બીડી પીઉં છું, મારે છોડવી છે." નીરુમા કહે, "દાદાના ચરણોમાં બધું અર્પણ કરી દો." પેલા ભાઈ કહે, "હા" એમ કહી એ તરત જ ઊભા થઈ ગયા. સ્ટેજ પાસે આવી નીરુમાના ચરણોમાં બીડીઓ મૂકી દીધી. આ જોઈ બીજાએ ચાલુ કર્યું, "નીરુમા હું આટલા બધા પાન ખાઉં છું." નીરુમા કહે, "લાવો મૂકો. આપણે બધાના આ વ્યસનો છૂટી જાય એ માટે વિધિ (પ્રાર્થના) કરી નાંખીએ." આમ કરતાં કરતાં આઠ-દસ જણા ઊભા થઈ ગયા.

આ બધું ચાલતું હતું ત્યારે ત્યાં એક બ્રહ્મચારી ભાઈ પણ હાજર હતા. એમને પાન ખાવાની ટેવ. તમાકુવાળું નહીં પણ સાદું પાન ખાય. એ ઊભા થયા નહીં. બેસી જ રહેલા. એ જોઈ એક મહાત્મા બેને એમને દૂરથી જ કહ્યું, "તું જા." પેલા ભાઈને અહંકારનો થોડો ફાંકો એટલે એને મનમાં થયું, "આ બધા સાથે મને ઊભા રહેવાનું ક્યાં કહે છે? હું કંઈ જેવો તેવો થોડો છું ? હું તો બ્રહ્મચારી છું." એટલામાં તો નીરુમાએ એમની સામે જોયું અને કહ્યું, "આવી જા." પેલો ભાઈ થોડો ભોંઠો પડી ગયો. એ કહે, "નીરુમા, મારે ક્યાં હવે.... હું ક્યાં બીડી પીઉં છું." નીરુમા કહે, "પાન નથી ખાતો પેલું ?" પેલા ભાઈ કહે, "હા નીરુમા, પાન તો ખાઉં છું." નીરુમા કહે, "મૂકી દે દાદા પાસે."

એ દિવસથી એમનું પાન છૂટી ગયું. પછી નીરુમાએ એમને પ્રેમથી સમજાવ્યું કે, "તું આવી રીતે કોઈની સાથે સત્સંગ કરતો હોય તો તારું પાનવાળું મોઢું સારું લાગે ?" પેલા ભાઈ કહે, "ના નીરુમા, ના સારું લાગે." નીરુમા કહે, "પાન ના ખવાય." તે દિવસથી એમણે પાન ખાધું નથી.

જોયું મિત્રો, જ્ઞાનીઓની કરુણા અને ખટપટો! આપણા મોહમાંથી સમજણ આપીને પ્રેમથી બહાર કાઢતા.

# તમારી જાતને ચકાસી જૂઓ !

અહીં એક વાર્તા રજૂ કરવામાં આવી છે, જેમાં અમુક લોકોનો પુનર્જન્મ બતાવવામાં આવ્યો છે. વાર્તા વાંચો અને કયું પાત્ર બીજા જન્મમાં કયા પાત્ર તરીકે જન્મ લે છે તે નીચે આપેલ ખાલી જગ્યામાં પૂરો.

આચાર્ય બલિભદ્ર તેઓના શિષ્યો સાથે હરિદ્વારની યાત્રાએ ગયા. અનેક ગામડાઓ અને શહેરો પસાર કરતાં કરતાં તેઓ વારાણસી પહોંચ્યા. ત્યાંના એક ધનાઢ્ય વેપારી ધન્ના શેઠને આચાર્યના આગમનના સમાચાર મળ્યા. ધન્ના શેઠને વિચાર આવ્યો, ''મારે આચાર્યને જમવા માટે બોલાવવા જોઈએ. નહીં તો આ ગામના લોકો વિચારશે કે હું લોભી છું. જો મને તેઓના આગમનની જાણ પહેલા થઈ ગઈ હોત તો હું તેઓના આવતાં પહેલા જ ગામ છોડી દેત.'' ધન્ના શેઠ એના રસોઈયાને આદેશ આપે છે, ''શંભુ, આચાર્ય અને એમના શિષ્યો માટે ઉત્તમ ભોજન તૈયાર કરો.'' શંભુ રસોઈયાને એના માલિક પર બહુ તિરસ્કાર રહેતો. એ જાણીજોઈને આચાર્ય અને શિષ્યો માટે બનાવેલ હલવામાં ઘણું બધું મીઠું નાખી દે છે અને મનોમન વિચારે છે, ''હવે તેઓ મારા માલિકને શ્રાપ દેશે. કોઈને કંઈ ખબર પણ નહીં પડે. કારણ કે મુનિઓ તેઓને વહોરાવેલ સામગ્રીની ક્યારેય ફરિયાદ કરતાં નથી.'' ભોજન બાદ આચાર્ય બલિભદ્ર એમના શિષ્યો સહિત વારાણસીથી આગળ ચાલ્યા.

બીજા દિવસે તેઓ એક નાનકડાં ગામડામાં પહોંચ્યા. ત્યાં ગોપાલ નામે એક કઠિયારો રહેતો હતો. એણે આચાર્ય અને એમના શિષ્યોને જોયા. ખૂબ જ ભાવથી એણે મુનિવૃંદનું પોતાની ઝૂંપડીમાં સ્વાગત કર્યું. એ પોતાને બહુ ભાગ્યશાળી માનવા લાગ્યો કે આચાર્ય એના ઘરે પધાર્યા. એ વિચારવા લાગ્યો, ''શક્ય હોત તો એમના માટે ઉત્તમ ભોજન બનાવડાવત. આવો લાભ ક્યાંથી મળે?'' ગોપાલની પત્ની સુમિત્રાએ ખૂબ ભાવથી સાદું ભોજન અને હલવો બનાવ્યો. ભૂલથી એનાથી હલવામાં ખાંડને બદલે મીઠું નંખાઈ ગયું. આમ, સળંગ બે દિવસ આવા પ્રકારના ભોજનથી એક શિષ્ય બીમાર થઈ ગયો.

તે રાત્રિએ આચાર્ય અને તેમના શિષ્યોએ બગીચાના એક ઝાડ નીચે મુકામ કર્યો. સોમદત્ત નામનો મુખ્ય શિષ્ય એમની પથારી સરખી ન પાથરવા બદલ નાના શિષ્ય પર ગુસ્સે થઈ ગયો. આચાર્યએ એને ગુસ્સો ન કરવા સમજાવ્યું. સોમદત્તે જવાબ આપ્યો, ''આમ કરવાથી જ તેને શીખવા મળશે, નહીં તો એ કદી નહીં શીખે.''

હવે, 'કર્મનું વિજ્ઞાન' જ્ઞાન પર આધારિત નીચે આપેલા લોકોના પુર્નજન્મ શોધી કાઢો અને તેઓના પ્રત્યેક પુર્નજન્મ માટેનું કારણ અથવા તો તે જન્મમાં થયેલ પ્રસંગને એક વાકયમાં સમજાવો.

૧ જ્યારે વિનીત ચાર વર્ષનો હતો ત્યારે તેનો અકસ્માત થયો. તેને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. ત્યાં તેને યોગ્ય સારવાર મળી. તે થોડા જ અઠવાડિયામાં સાજો થઈ ગયો. .................... એ વિનીતનો પુર્નજન્મ છે,
કારણ કે......................................................................................

૨ જ્યારે કેશવ પચાસ વર્ષનો થયો ત્યારે તેનો પણ વિનીતની જેમ અકસ્માત થયો, પણ તેને તરત સારવાર ન મળી. તેને સાજા થતાં મહિનાઓ વીત્યા. ..................... એ કેશવનો પુર્નજન્મ છે
કારણ કે.......................

Akram Express
September 2010
Year : 3, Issue : 1
Conti. Issue No.: 25

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

૩ કસ્તુરભાઈ બહુ ધનાઢ્ય છે અને તે હજારો ગરીબ માણસોને મફતમાં પોતાને ઘરે જમાડે છે. તેમ છતાં તેમની પાસે લક્ષ્મીની ખોટ નથી............... નો પુર્નજન્મ કસ્તુરભાઈ છે.
કારણ કે..................................................................................................

૪ શેખર બહુ ગુસ્સાવાળો છે. તેને તેના ગુસ્સાને લીધે બહુ ભોગવવું પડે છે. શેખરનો ............... પુર્નજન્મ છે,
કારણ કે..................................................................................................

૫ ભીખુ એક મજૂર છે. તે બહુ મજૂરી કરે છે પણ તેને એક ટંક પૂરતુંય ખાવાનું નથી મળતું. ..................... નો પુર્નજન્મ ભીખુ છે,
કારણ કે ..................................................................................................

જવાબ - ૧) સુમિત્રા-કારણ કે અજાણતાં જ તેનાથી હલવામાં મીઠું નખાઈ ગયું હતું જેથી કરીને એક વ્યક્તિ બીમાર પડી.
૨) શંભુ-રસોઈયો-કારણ કે તેને તેના માલિકને દુઃખ પહોંચાડવાના ભાવથી જાણીજોઈને વધુ મીઠું નાખ્યું હતું.
૩) ગોપાલ કઠિયારો-કારણ કે તેનો મહેમાનોને ઉત્તમ ભોજન જમાડવાનો ભાવ હતો.
૪) સોમદત્ત-કારણ કે એણે ગુસ્સે થવાથી જ બીજા સુધરે એમ કહીને પોતાના ક્રોધનું રક્ષણ કર્યું
૫) ધન્ના શેઠ.-કારણ કે ભોજન વહોરાવતી વખતે તેમના ભાવ બગાડ્યા હતા.

# મારી સમજણ



તમે રોજ સમાચારપત્ર તો વાંચતા જ હશો. ધરતીકંપ આવ્યો ને હજારો માણસો મૃત્યુ પામ્યા. ગામમાં પૂર આવ્યું ને સેંકડોની સંખ્યામાં વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા. આટલી બધી વ્યક્તિઓએ એક સાથે જીવ ગુમાવવો પડ્યો. એની પાછળ કર્મનું શું

આપના જવાબો અમને આ મહિનાની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપશો. તમારા અનુભવો, તમારી બનાવેલી કવિતાઓ, વાર્તાઓ, ચિત્રો અમને નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકો છો. એમાંથી જે સારા લાગશે એને અમે આ મેગેઝિનમાં ચોક્કસ પ્રકાશિત કરીશું. એમાં તમારું નામ, રસનામું અને ઉંમર લખવાનું ભૂલતા નહીં.

અક્રમ એક્સપ્રેસ, બાળવિજ્ઞાન વિભાગ, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઈવે, અડાલજ, ગાંધીનગર-૩૮૨૪૨૧
email:akramexpress@dadabhagwan.org

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.